**DATE: 04/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ચોરીનો મુદ્દામાલ હોવાની આશંકાએ વધુ તપાસ શરૂ કરાઇ

# પાનોલી હાઈવે પર 14 હજાર કિલો ભંગાર ભરેલી ટ્રક સાથે ડ્રાઈવરની અટકાયત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વરની હદમાંથી પસાર થતાં નેશનલ હાઈવે પરથી પોલીસે ભંગારનો શંકાસ્પદ જથ્થો ભરેલી ટ્રક ઝડપી પાડી છે. ખરોડ ચોકડી પર આવેલા હોટેલ લેન્ડમાર્ક કમ્પાઉન્ડમાં ઉભેલી ટ્રક વિશે માહિતી મળતાં પોલીસે દરોડો પાડયો હતો અને ટ્રકની તલાશી લીધી હતી. જેમાં લોખંડની એંગલો, પ્લેટો સહિતનો ભંગાર મળ્યો હતો. ડ્રાઈવર અનવર પાસે બિલ કે પુરાવા માગતા તે રજૂ કરી શકયો ન હતો. જેથી આ ભંગાર ચોરીનો હોવાનું અનુમાન લગાવી 14 હજાર કિલો ભંગાર અને ટ્રક સહિત 9.34 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ડ્રાઈવરની વધુ પુછપરછ આદરી છે.

**DATE: 04/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### શ્રવણ ચોકડી પરની પટેલ સ્પોર્ટ્સમાં ચેકિંગ

# પ્રખ્યાત બ્રાન્ડના નામે ડુપ્લિકેટ ફૂટબોલ વેચતો શખ્સ ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

રાજસ્થાનના ભિલવાડા ખાતે રહેતાં પ્રલ્હાદચંદ્ર સોહનલાલ નાયક બ્રાન્ડ પ્રોટેક્ટર્સ ઈન્ડિયા કંપનીમાં ઈન્વેસ્ટિગેશન ઓફિસર તરીકે ફરજ બજાવે છે. નિવિયા બ્રાન્ડ્સના સ્પોર્ટ્સ પ્રોડેક્ટ ફૂટબોલ, વોલીબોલ વિગેરેના કોઈ પણ પ્રોડક્ટની કોઈ ડુપ્લિકેટિંગ કરી વેચાણ કરે કે સ્ટોરમ કરે તો તેની સામે કાયદાકિય કાર્યવાહી કરવાનો અધિકાર તેમની કંપનીને આપ્યો છે. દરમિયાનમાં સામ્રાજ્ય શોપિંગ સેન્ટરમાં આવેલાં ન્યુ પટેલ સ્પોર્ટ્સની દુકાનના માલિક ભરત નવનીતલાલ ભાલોદવાલા ડુપ્લિકેટ ફૂટબોલ વેચતો હોવાની બાતમી મળતાં તેમણે તે દુકાનમાં પોલીસ સાથે ચેકિંગ કર્યું હતું. તેમને દુકાનમાંથી નિવિયા બ્રાન્ટના ડુપ્લિકેટ લોગોવાળા 70 ફૂટબોલ મળી આવતાં તેમણે કુલ 38,550 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી એ ડિવિઝન પોલીસ મથકે કોપીરાઈટ એક્ટ હેઠળ ભરત ભાલોદવાલા સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 05/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-04**

# વાલિયામાં દારૂના વેપલામાં ફરાર પૂર્વ GRD જવાન વલસાડથી ઝડપાયો

**ચાર** માસ પહેલા ફરજ મુક્ત કરાયેલો જીઆરડી જવાન દારૂનાં વેપલામાં સક્રિય થયો હતો, 47 દિવસથી ફરાર હતો



ભરૂચ: ભરૂચ LCBની ટીમે વાલીયાથી દારૂના વેપલામાં સંડોવાયેલા પૂર્વ GRD જવાનને વલસાડ ખાતેથી દબોચી લીધો હતો. ૪૭ દિવસથી ભાગેડું આરોપીને દબોચી લેવામાં સફળતા મળી હતી.

ભરૂચ જીલ્લા પોલીસને બાતમી મળી હતી કે, વાલિયા પોલીસ મથકમાં ૪૭ દિવસ પહેલા પ્રોહીબીશન એક્ટમાં સંડોવાયેલો ઉમરપાડાના ચોખવાડા ગામે મંદિર ફળિયામાં રહેતો અને ચાર મહિના પહેલા વાલિયા પોલીસ મથકેથી ફરજ મુક્ત કરેલા GRD જવાન સંદીપ ગુમાનભાઈ વસાવા વલસાડ ખાતે ફરી રહ્યો છે. બાતમીના આધારે ભરૂચ પોલીસે વલસાડ ખાતે વોંચ ગોઠવી સંદીપ વસાવાને પોલીસે દબોચી લીધો હતો. ઉલ્લેખનીય છે કે, ગત જાન્યુઆરીમાં વાલિયાને અડીને આવેલા નલધરી ગામે શેરડીનાં ખેતરની બાજુમાં રૂ.૧૩.૬૯ લાખનો દારૂ અને કાર તેમજ બાઈક મળીને રૂ.૧૮.૨૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જેમાં સંદીપ વસાવાની સંડોવણી હતી. પોલીસે આરોપી સંદીપ વસાવાને તપાસમાં ૪૬ દિવસ ક્યાં છુપાતો હતો અને વલસાડ ક્યાં અને કેવી રીતે રહ્યો એની તપાસ શરૂ કરી છે.

**DATE: 06/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKARPAGE-04**

### પોલીસે 74 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# લીમડીચોકના વાઘરીવાડમાં જુગાર રમતા ચાર ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં આવેલાં લીમડી ચોક વાઘરીવાડ વિસ્તારમાં રહેતો વિશાલ દિનેશ વસાવા માણસો રાખી આંકડાનો જુગાર રમાડતો હોવાની ચોક્કસ બાતમી ભરૂચ બી ડીવિઝનના એએસઆઇ શૈલેષને થતાં તેઓએ ટીમ સાથે તુરંત સ્થળ પર દરોડો પાડ્યો હતો. વિસ્તારમાં બે શખ્સો કાગળમાં કાંઇક લખતાં હતાં. જ્યારે બે જણા કાઇક લખાવી રહ્યાં હોઇ ચારેયને ઝડપી પાડી તેમની પુછપરછ કરતાં લખનારાઓના નામ રોહિત દિનેશ વસાવા, કરણ કાંતી વસાવા હોવાનું તેમજ તેઓ વિશાલ વસાવા માટે આંકડો લખતાં હોવાની કબુલાત કરી હતી. જોકે, વિશાલ દિનેશ વસાવા ત્યાં હાજર નહીં મળતાં તેને વોન્ટેડ જાહેર કર્યો હતો. જ્યારે અન્ય બે જણાના નામ પુછતાં તેમના નામ સુરેશ ભીખા વસાવા તેમજ અર્જૂન હિરા વસાવા હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે રોકડા રૂપિયા 11 હજાર તેમજ બે મોબાઇલ તેમજ એક એક્ટિવા મળી કુલ 74 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 06/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

ભરૂચ મહાદેવ નગર ખાતેથી

# બોલેરો ગાડીમાંથી રૂા.૧.૩૯ લાખના દારૂ સાથે બે ઝડપાયા



। ભરૂચ ।

ભરૂચ એલસીબી પોલીસે મળેલ બાતમીના આધારે વિદેશી દારૂની કુલ ૬૫૬ બોટલો ઝડપી પાડી હતી તેમજ બે બુટલેગરોની અટક કરી હતી તેમજ એક બુટલેગરને વોન્ટેડ જાહેર કર્યો હતો.

ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ દારૂબંધી તેમજ જુગાર જેવી સામાજીક બદીને નિયંત્રિત કરવા માટે આપેલ સુચના આધારે એલસીબી પીઆઈ એન.પી.વાળાના માર્ગદર્શન હેઠળ એએસઆઈ ડી.એ.તુવરે જુદી જુદી ટીમો બનાવીને તેઓ પેટ્રોલીંગ કરી રહ્યા હતા ત્યારે મળેલ બાતમીના આધારે રેડ કરતા મહાદેવ નગર ભરૂચ ખાતેથી બોલેરો ગાડીના ચોરખાનામાં સંતાડેલ દારૂનો જંગી જથ્થો ઝડપી પાડયો હતો. આ અંગે મળતી માહિતી મુજબ નિલેશ વિનોદ મિસ્ત્રીએ દારૂ એકત્રિત કરી રાખ્યો હતો અને ત્યારબાદ દારૂ વેચાણ કરવાની યોજના હતી પરંતુ એલસીબી પોલીસે તેને નાકામ બનાવી હતી. આ બનાવ અંગે પોલીસે આરોપી ધ્રુવ ઉર્ફે જીનુ નિલેશ પટેલ, રહે.મહાદેવ નગર તેમજ પિન્ટુ સુંદરલાલ મિસ્ત્રી રહે.પુષ્પધન સોસાયટીની અટક કરી હતી જયારે નિલેશ વિનોદ મિસ્ત્રી, રહે.પુષ્પધન બંગ્લોઝ, ભરૂચને વોન્ટેડ જાહેર કર્યો હતો. આ બનાવમાં એલસીબી પોલીસે બોલેરો ગાડી કિંમત રૂા.૫ લાખ તેમજ વિદેશી દારૂની બોટલ નંગ ૬૫૬ કિંમત રૂા.૧,૩૯,૮૩૯ જપ્ત કરી હતી. આમ મુદ્દામાલ કુલ રૂા.૬,૩૯,૮૩૯ પોલીસે જપ્ત કર્યો હતો અને આગળની તપાસ પોલીસ કરી રહી છે.

**DATE: 08/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અમદાવાદ ખાતે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયના હસ્તે સન્માન કરાયું

# ભરૂચ પોલીસના એસઓજી પીઆઈ તથા કોન્સટેબલને ડીજીપી કમેન્ડેશન ડિસ્ક એવોર્ડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પીઆઇ એ. એ. ચૌધરી તેમજ કોન્સ્ટેબલ મો.ગુફરાનને વર્ષ 2022માં પોલીસ વિભાગની ફરજ દરમ્યાન બજાવેલ ઉત્કૃષ્ટ અને સરાહનીય કામગીરી બદલ ડીજીપી કમેન્ડેશન ડિસ્ક-2022 થી રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયના હસ્તે સંમાનિત કરવામાં આવ્યા છે.

અમદાવાદ ખાતે ગુરૂવારે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયના હસ્તે રાજ્યભરમાં ઉત્કૃષ્ઠ કામગીરી કરનારા પોલીસકર્મીઓને કેમેન્ડેશન ડિસ્ક - 2022 પ્રશસ્તિ પત્રથી સન્માનિત કરવામાં આવ્યાં છે. કમેન્ડેશન ડિસ્ક એવોર્ડ માટે ખાસ કમિટી દ્વારા રાજ્યભરના પોલીસકર્મીઓ પૈકીના સારી કામગીરી કરનારાઓની સ્ક્રુટિની કરવામાં આવે છે. જેમાં તેમની ફરજ દરમિયાનની કામગીરી તેમજ કેસનો નિકાલ સહિતના વિવિધ પાસાઓમાં સારી કામગીરી કરી હોય તેવા કુલ 110 કર્મીઓને સન્માનિત કરાયાં હતાં. જેમાં ભરૂચના એસઓજીના પીઆઇ આનંદ ચૌધરી તેમજ કોન્સ્ટેબલ મો. ગુફરાનને પણ કમેન્ડેશન ડિસ્ક - 2022થી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.



**DATE: 08/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-05**

# સોમનાથ જેટલું મહાત્મ્ય ધરાવતું કંબોઈ સ્તંભેશ્વર મહાદેવ મંદિરઃ શિવરાત્રિએ ભક્તો ઘેલા બનશે

**છેલ્લાં** કેટલાંય વર્ષોથી હજુ પણ દિવસમાં બે વાર સ્વયંભૂ દરિયાદેવ ભગવાન ભોળા શંભુના અભિષેક માટે આવે છે



ભરૂચઃ દક્ષિણ ગુજરાતમાં સોમનાથ જેટલું જ મહાત્મ્ય ધરાવતું કંબોઈમાં આવેલા સ્તંભેશ્વર મહાદેવ મંદિરે મહાશિવરાત્રિએ શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઊમટી પડશે. સવારથી આખો દિવસ મહાદેવના દર્શન કરીને શિવભક્તો તૃપ્ત થશે.

અરબી સમુદ્રમાં જંબુસરના કંબોઈ ખાતે મહાશિવરાત્રિ અને શ્રાવણ માસમાં હજારોની સંખ્યામાં શિવભકતો દર્શન કરવા માટે ઊમટી પડે છે. તા.૮ માર્ચના મહાશિવરાત્રિના પાવન દિવસે સ્તંભેશ્વર મહાદેવ મંદિરે વહેલી સવારે ૭ વાગ્યાથી દર્શનાર્થીની લાઈનો લાગશે. છેલ્લાં કેટલાંય વર્ષોથી હજુ પણ દિવસમાં બે વાર સ્વયંભૂ દરિયાદેવ ભગવાન ભોળા શંભુના અભિષેક માટે આવે છે. છેલ્લાં ૩૪ વર્ષથી ચાલી આવતી પરંપરાથી સ્તંભેશ્વર મહાદેવ મંદિરે યજ્ઞાશાળામાં મહારુદ્રી યજ્ઞનું આયોજન કરવામાં આવે છે. યજ્ઞમાં કાશીના વિદ્વાન પંડિતો દ્વારા યજ્ઞ કરાવવામાં આવશે. તા.૨જી માર્ચથી શરૂ થયેલા આ મહા રુદ્રી યજ્ઞ ૮મી માર્ચ મહાશિવરાત્રિ સુધી ચાલશે. દર્શનાર્થે આવનાર ભાવિભક્તોને મહાપ્રસાદીનો લાભ મળશે.

અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા હોવાથી ટ્રાફિકજામની સમસ્યા ઉદભવે છે. એ માટે ભરૂચ જિલ્લા પોલીસ તેમજ કાવી પોલીસ દ્વારા વિશેષ બંદોબસ્ત ગોઠવી દેવાશે. કોઈપણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન બને એ માટે ખાસ કરીને એમ્બ્યુલન્સ વાન, ફાયર પોઈન્ટ તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ગોઠવી દેવાશે.

**DATE: 09/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## બેગમાંથી દારૂની 240 બોટલ મળી આવી

# મહારાષ્ટ્રથી પાલેજ દારૂ આપવા જતાં બે ખેપિયા અંકલેશ્વરમાં ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીની ટીમને જીઆઇડીસી ડેપો પાસે બે ઈસમ વાલિયા ચોકડી નજીક ઉતારી બેગમાં શંકાસ્પદ વસ્તુ લઈ આંટાફેરા મારી રહ્યા છે તેવી માહિતી મળી હતી. જેથી વોચ ગોઠવીને કાપોદ્રાના સંદિપ નિશાદ અને આશિષ બિંદને ઝડપી લીધાં હતાં. તેમની પાસે રહેલી બેગની તલાશી લેવામાં આવતાં તેમાંથી 240 બોટલ મળી આવી હતી. બંનેની પૂછપરછ કરતાં તેમની પાસે રહેલી દારૂની બોટલો મહારાષ્ટ્રના અકકલકુવાના મારીયા નામના વ્યકતિએ આપી હતી.

દારૂની બોટલો તેઓ પાલેજની મહિલા બુટલેગર મિકાને આપવા માટે જતાં હોવાની કબૂલાત કરી હતી. પોલીસે મારીયા અને મીકાને ફરાર જાહેર કર્યા છે. કુલ 27 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 09/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### પાલેજ પોલીસમાં 2015માં ફરિયાદ નોંધાઇ હતી

# પોલીસકર્મી પર હુમલો કરનાર રિક્શાચાલકને એક વર્ષની કેદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

પાલેજ પોલીસ મથકમાં વર્ષ 2015માં ફરજ બજાવતાં પોલીસ કોન્સ્ટેબલ પ્રવિણ ગુપ્તા તેમજ પોકો અરવિંદ વિરમભાઈ બાઈક પર ટંકારીયા ગામે આવતાં યાસીન તેની રીક્ષ લઈને પારખેત જવાના રોડ પર હોઈ તેને રોકી તેના પર થયેલી ફરિયાદ અંગે કહેતાં તેણે ઉશ્કેરાઈ જઈ રીક્ષામાંથી લોખંડનો સળીયો કાઢી તેને પોલીસકર્મીઓ પર હુમલો કરી ઈજા પહોંચાડી હતી.જે અંગે કોર્ટમાં કેસ ચાલી ગયો હતો. અદાલતે સરકારી વકીલ પરેશ પંડ્યાની દલીલોને ગ્રાહ્ય રાખી યાસીનને કસુરવાર ઠેરવી એક વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. ઉલ્લેખનીય છે કે, યાસીન એક વ્યકતિને માર મારીને ભાગતો હતો ત્યારે બનાવ બન્યો હતો.

**DATE: 10/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# ભરૂચમાં જુગાર રમતાં 7 ખેલી ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

**ભરૂચના** મકતમપુર ગામ ખાતે ટેકરા ફળિયા માં નર્મદા બંગલોઝ ની પાછળ ની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર દ્વારા રમાડવામાં આવે છે તેવી બાતમી મળતા શહેર પોલીસ દ્વારા તપાસ કરતાં સ્થળ પરથી 7 ઈસમોને પકડી પાડવામાં આવ્યા હતા. જેની તપાસ કરતાં તેમની પાસે રૂ.2,390 દાવ પરથી રૂ.3,010 મળી કુલ રૂ.4,500 રોકડ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 10/03/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ચાર બોટલ સહિતનો સામાન જપ્ત કરાયો

# દહેજમાં ગેરકાયદે રીતે ગેસ રિફિલિંગ કરતો શખ્સ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દહેજ નજીક આવેલાં જોલવા ગામના ગેટ નંબર પાસે પીરૂજી ગેસ નામની દુકાન ચલાવતો શખ્સ ગેરકાયદે ગેસ રિફિલિંગ કરતો હોવાની ચોક્કસ બાતમી દહેજ પોલીસને મળી હતી. જેના પગલે તેમણે ટીમ સાથે સ્થળ પર દરોડો પાડતાં દુકાન સંચાલક કમલેશ કલાલતેની દુકાનમાં એક બોટલમાંથી બીજી બોટલમાં કોઈ દુર્ઘટના સર્જાય તે રીતે ગેસ રિફિલ કરતો હોવાનું માલુમ પડતાં ટીમે તેની દુકાનમાંથી 14 કિલોની કોમર્શિયલ ગેસની 2 તથા 19 કિલોની એક તેમજ 5 કિલોના એક મળી કુલ બોટલ જપ્ત કરી હતી. કમલેશ કલાલ 19 લિટરના ગેસના બોટલમાં વાલ્વ તથા પાઈપ લગાવી 5 કિલોની બોટલમાં ભરતો હતો.